ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં અવિરત વરસાદ

## શહેરમાં ૨૪ કલાકમાં ત્રણ ઇંચ વરસાદ સતત ભીંજારાથી જનજીવન બેચેન : સેકટરોના આંતરિક માર્ગો સદંતર ધોવાયા : સતત પાણીના ભરાવાથી રહીશોને હાલાકી





ગાંધીનગર, તા ૨૬

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ત્રણ ઇંચ વરસાદ ખાબકતા ચોમેર વરસાદી પાણી ઉભરાતા નજરે પડી રહયા છે. સતત વરસાદ વચ્ચે નિખરેલી ભીંજારાની મોસમથી નગરજનો બેબાકળા બની રહયા છે. વરસાદનુ જોર યથાવત રહેતા નગરજનો નાછુટકે જ ઘરની બહાર જવાનુ પસંદ કરે છે. જેના લીધે નગરના જનજીવનમાં પણ કોઈ રોનક જોવા મળતી નથી. અત્યાર સુધીમાં શહેરમાં સિઝનનો ૬૫૫ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત સરેરાશ વરસાદની સાપેક્ષમાં પર્યાપ્ત વરસાદ થઈ ગયો હોવાનુ પણ મનાઈ રહયુ છે. સતત વરસાદના લીધે સેકટરોમાં આંતરિક માર્ગોનુ સદંતર ધોવાણ થતા મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે વરસાદી પાણી પણ ભરાયેલુ રહે છે.

શહેરમાં વરસાદની મોસમ જામી છે. આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો હટવાનુ નામ લેતા નથી. ગઈકાલે રાત્રિના પણ એક ઇંચ વરસાદ વરસ્યો હતો. જયારે આજે દિવસ દરમિયાન પણ બે ઇંચ જેટલો વરસાદ થયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં નગરમાં ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેના લીધે આજે પણ શહેરમાં પાણી પાણી જોવા મળ્યુ હતુ. સેકટરોના આંતરિક માર્ગો પરથી આમ પણ પાણી દુર થયુ નથી. ત્યારે રોજબરોજ વરસાદ હાજરી પુરવતા

● અનુસંધાન પાન-૭ પર

### કોંગી સભ્યો અને કાર્યકરોની હાજરીમાં

# અહેમદ પટેલે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી

## ભાજપના ઉમેદવારો સવાર સુધીમાં જાહેર થઈ જાય તેવી સંભાવનાઓ વચ્ચે પાટનગરમાં રાજકીય ઉત્સુકતા ચરમસીમાએ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતની રાજ્યસભાની ખાલી થતી ત્રણ બેઠકો માટે આજે કોંગ્રેસના ઉમેદવાર તરીકે અહમદ પટેલે તેમની ઉમેદવારી નોંધાવી છે. ભાજપ દ્વારા કાલે સવાર સુધીમાં તેના ઉમેદવારોના નામ જાહેર કરી દેવાશે તેમ જાણવા મળેલ છે.



ભાજપના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક રાત્રે મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળી છે. આ પછી મોવડીમંડળ દ્વારા કાલે સવારે ઉમેદવારોના નામની ઘોષણા થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

આ વખતની રાજ્યસભાની ચૂંટણી રાજ્યના રાજકારણમાં નવા સમીકરણો રચશે કે શું તેવી વાતોને લઈ રાજકીય વાતાવરણ ગરમાયુ છે. ભાજપ બે જ ઉમેદવારો જાહેર કરશે અને ત્રીજા કોઈ અપક્ષ ઉમેદવાર મેદાનમાં ઝંપલાવશે કે કેમ તેને લઈ ચર્ચાઓએ વધારે ઉત્તેજના જગાવી છે.

કોંગ્રેસ વતી અહમદ પટેલે ઉમેદવારી નોંધાવી ત્યારે ૫૧ જેટલા ધારાસભ્યો હાજર રહ્યા હતા. આ વખતે પ્રદેશ પ્રમુખ ભરત સોલંકી, પ્રદેશ નીરીક્ષક અશોક ગેહલોત સહિત પ્રદેશ અગ્રણીઓ અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભા માટે અમીત શાહ અને સ્મૃતિ ઈરાની ભાજપના ઉમેદવારો

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યસભાની ખાલી પડતી ત્રણ બેઠકો માટે ભારતીય જનતા પક્ષે મોડી રાત્રે અમીત શાહ અને સ્મૃતિ ઈરાનીના નામ ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.





ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ તેમજ કેન્દ્રીય માહિતી પ્રસારણ અને કાપડમંત્રી સ્મૃતિ ઈરાનીના નામની પસંદગી આજે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં કરવામાં આવી હોવાની જાહેરાત જે.પી. નડ્ડાએ કરી છે.

૨૮મીએ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. અમીત શાહ અને સ્મૃતિ ઈરાની કાલે દિલ્હીથી અમદાવાદ આવી પહોંચશે. સાંજે તેઓ કમલમ્ ખાતે યોજાયેલી ધારાસભ્યોની બેઠકમાં હાજરી આપશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યુ છે અને ૨૮મીએ રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવશે.

હવે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈ નવી અટકળો શરૂ થઈ છે. જો કે રાજકીય ઉત્તેજનાઓ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો જાહેર થઈ ગયા પછી પણ હજુ શમી નથી.

# નેતાઓ બેફામ નિવેદન ના કરે : શંકરસિંહ

## કોંગી નેતાઓની બેઠકમાં રાહુલજીએ પ્રદેશ પ્રમુખ બદલવા જોઈએ તેવી વાત પુછેલી ત્યારે નેતાઓની સંમતિથી મેં તેમને તે બદલવા કહ્યુ હતુ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત દ્વારા કરાયેલા આક્ષેપો અંગે પૂર્વ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ સખ્ત નારાજગી વ્યક્ત કરી કોંગ્રેસના આગેવાનોને જબાન પર લગામ રાખવા જણાવ્યું છે.

આજે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે સ્વીકાર્યું હતું કે પ્રદેશ પ્રમુખ બદલવાની વાત મેં એકલાએ જ નહિ ઘણા બધા આગેવાનોએ કહ્યા પછી રાહુલ ગાંધીના પુછવાથી મેં પણ કહી હતી એટલુ જ નહિ આ માટે ઓબીસીના અગ્રણી રામસિંહ પરમારનું વિકલ્પમાં નામ પણ સૂચવ્યુ હતુ.

અહમદભાઈ પટેલ સાથેની મારી દોસ્તી સન ૧૯૭૭થી છે. ગઈકાલે રાત્રે મારા નિવાસસ્થાને તેઓ મને મળ્યા અને જણાવ્યું કે, આપ રાજ્યસભાના સભ્ય બનો. ત્યારે મેં એમને જણાવ્યું હતું કે, એક કે દોઢ મહીના પહેલા કોંગ્રેસના જનરલ સેક્રેટરીને રાજ્યસભાના સભ્ય તરીકે આપ જ ઉમેદવાર છો તેમ જણાવેલ. આજે પણ હું કોંગ્રેસ પાર્ટીનો ધારાસભ્ય છું. અશોક ગેહલોતજીએ અમદાવાદમાં મકાન રાખેલ છે. તેઓ રાજસ્થાન છોડી ગુજરાતના મુખ્યમંત્રી ભલે બને પરંતુ વિના મતલબના સ્ટેટમેન્ટ કરતાં પહેલાં જાણીબૂઝીને કોઈપણ જાતની માહિતી વગર, વિધાઉટ બેલેન્સ, ફક્ત કોઈ વ્યક્તિનું ચારિત્ર્ય હનન

● અનુસંધાન પાન-૭ પર



# જિલ્લામાં વરસાદ યથાવત રહેતાં જનજીવન અસ્તવ્યસ્ત

## સિઝનનો સૌથી વધુ વરસાદ કલોલમાં તો સૌથી ઓછો ગાંધીનગરમાં સે. ૫, ૭, ૨૯ અને ૩૦માં ઝાડ ધરાશયી થયા; પાંચ વ્યક્તીઓએ જાન ગુમાવ્યા છે; પંચાયતના ૪ માર્ગ વાહન-વ્યવહાર માટે બંધ છે

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લામાં આજે પણ સાર્વત્રિક વરસાદ ચાલુ રહ્યો હતો. સૌથી વધુ કલોલમાં ૫૩ મી.મી., દહેગામમાં ૪૧ મી.મી., ગાંધીનગરમાં ૩૬ મી.મી., અને માણસામાં ૧૧ મી.મી. વરસાદ આજે દિવસ દરમ્યાન નોંધાયો છે.

વરસાદ સતત ચાલુ રહેતો હોવાથી લોકો પણ હવે થાક્યા છે અને તેમના રોજીંદા કામકાજો અટવાઈ જવા પામ્યા છે. આજે પણ વરસાદ ચાલુ રહેતાં ગાંધીનગર શહેરમાં ૬ જગ્યા પર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ વૃક્ષો પડવાની ઘટનાઓ બની છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૦૦થી વધુ લોકોનું ભારે વરસાદને કારણે સ્થળાંતર કરાવવામાં આવ્યુ છે. જિલ્લામાં આ ચોમાસામાં પાંચ જેટલી વ્યક્તીઓએ અત્યાર સુધીમાં તેમના જીવ ગુમાવ્યા છે.

મળતા અહેવાલો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સે. ૨૯, ૫, ૭ અને ૩૦માં ઝાડ પડી જવાની ફરિયાદો તંત્રને મળી હતી. આ ઉપરાંત છાલા-ગિયોડ સ્ટેટ હાઈવે પર એક બાવળનું વૃક્ષ પડી જતાં વાહન-વ્યવહાર ઠપ્પ થવા પામ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે. ખારી નદીમાં પૂરને કારણે ડભોડા-વડોદરા માર્ગ આજે પણ બંધ રહ્યો હતો. વડોદરાના લોકોને આજે દૂધ અને અન્ય આવશ્યક વસ્તુઓ માટે ફરી ફરીને જવુ પડ્યુ હતુ. આ માર્ગ પરના કોઝવે પરથી આજે પણ પાણી બે ફૂટ જેટલા વહી રહ્યા છે. કોઝવે ડૂબેલો છે. પંચાયતના ૪ માર્ગો વાહન-વ્યવહાર માટે બંધ છે.

જિલ્લામાં દહેગામમાં અત્યાર સુધીમાં ૬૨૮ મી.મી., માણસામાં ૭૨૮ મી.મી., કલોલમાં ૧૦૩૭ મી.મી. અને ગાંધીનગરમાં ૫૧૪ મી.મી., વરસાદ નોંધાયો છે. આંકડાઓ પર નજર કરીએ તો કલોલમાં સૌથી વધુ વરસાદ આ પછી માણસા, દહેગામ અને ગાંધીનગરમાં નોંધાયો છે. જિલ્લામાં આમ તો સિઝનનો ૧૦૦ ટકા જેટલો વરસાદ નોંધાઈ ચુક્યો છે.

### જિલ્લામાં ભારે વરસાદને લીધે પંચાયતના ૪ અને સ્ટેટ હાઈવેનો ૧ માર્ગ બંધ

ગાંધીનગર, તા. ૨૬

દહેગામ તાલુકાના જલુન્દ્રા ગામે તળાવ ઓવરફલો થવાને કારણે ત્રણ માર્ગો પર પાણી ફરી વળ્યા છે જેને કારણે જલુન્દ્રા-ઝાંક, જલુન્દ્રા કડાદરા અને જલુન્દ્રા ગલુદણ માર્ગ વાહન વ્યવહાર માટે બંધ છે. આ ઉપરાંત પલોડિયા-રાંચરડા માર્ગને થયેલ નુકશાનને પગલે પણ આ માર્ગ બંધ કરાયેલ છે.

ડભોડા-વડોદરા માર્ગ પર આવેલ કોઝ વે પરથી ખારી નદીના પૂરના પાણી વહી રહ્યા હોવાથી આ માર્ગ પણ બંધ છે.

### જિલ્લામાં દસ વર્ષ પછી આટલો ભારે વરસાદ

ગાંધીનગર જિલ્લામાં એક દસકા બાદ આટલો ભારે વરસાદ જોવા મળ્યો છે. ૨૦૦૭ના વર્ષમાં આવો ભારે વરસાદ જિલ્લામાં નોંધાયો હતો.

પ્રાપ્ત થતી વગતો પ્રમાણે ૨૦૦૭માં સમગ્ર ચોમાસા દરમિયાન દહેગામમાં ૧૦૮૭ મીમી, ગાંધીનગરમાં ૧૧૭૫.૫૦ મીમી, કલોલમાં ૯૫૧ મીમી, તો માણસામાં ૧૯૮૬ મીમી સાથે જિલ્લામાં સરેરાશ ૧૦૭૪.૮૮ મીમી વરસાદ નોંધાયો હતો.

દસ વર્ષ બાદ આજે જિલ્લાના કલોલમાં અત્યાર સુધીમાં ૧૦૩૭ મીમી, માણસામાં ૭૨૮ મીમી, દહેગામમાં ૬૨૮ મીમી અને ગાંધીનગરમાં ૫૧૪ મીમી વરસાદ નોંધાયો છે. ૨૦૦૭ કરતાં પણ આ વખતે વધુ વરસાદ થશે તેમ મનાઈ રહ્યું છે.

### પાંચ તબીબી અધિકારીઓની ટીમ બનાસકાંઠા જવા રવાના

ગાંધીનગર, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં પૂરને લીધે ઉભી થયેલી પરિસ્થિતિમાં જિલ્લાના આરોગ્યતંત્રના પાંચ તબીબી અધિકારીઓને સરકારની સૂચનાથી પાલનપુર આજે સાંજે મોકલવામાં આવ્યા છે.

### કોબા-જલુંદ્રામાંથી ૫૦ પરિવારોનું સ્થળાંતર કરાવાયુ

ગાંધીનગર તાલુકાના કોબા ગામે નદી કિનારા નજીક રહેતા ૨૦ પરિવારોનું આજે જિલ્લાતંત્ર દ્વારા સ્થળાંતર કરાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત દહેગામ તાલુકાના મોટા જલુન્દ્રા ગામે તળાવ ઓવરફલો થતાં તળાવ નજીક રહેતા ૨૫ જેટલા લોકોનું સલામતિના કારણોસર તંત્ર દ્વારા સ્થળાંતર કરાવવામાં આવ્યુ છે.

અગાઉ માણસામાંથી ૨૦૦ લોકોનું તથા નાંદોલ ફાટક નજીકના ૧૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે જે નોંધનીય છે.

### ભારે વરસાદના પગલે

# સિનિયર કલાર્ક તેમજ ટેટ-ટુની પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય

## ભારે વરસાદના લીધે અધિકારીઓ ત્વરિત બેઠક બોલાવી નિર્ણય લીધો :બુધવારે પણ પ્રાંત ઓફિસરની પરીક્ષા રદ કરાઇ : ઉમેદવારોને હાંશકારો : આગામી દિવસોમાં નવી તારીખ જાહેર થશે

ગાંધીનગર તા ૨૬

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યુવા પ્રાંત ઓફિસરની ભરતી સંદર્ભે બુધવારે યોજાનારી પરીક્ષા રદ કરવામાં આવી હતી. ભારે વરસાદના સંજોગોમાં આગામી તા ૩૦ જુલાઈના રોજ યોજનારી સિનિયર કલાર્ક તેમજ ટેટ ટુની પરીક્ષા પણ રદ કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. આગામી સમયમાં આ પરીક્ષાની તારીખ સંબંધિત વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ભારે વરસાદ અને પુરના સંજોગોમાં પરીક્ષા રદ કરવાના નિર્ણયથી લાખો ઉમેદવારોને હાંશકારો થયો છે.

રાજયમાં હાલ ભારે વરસાદ અને પુરના સંજોગોમાં એકબાજુ રાહત બચાવ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે સમગ્ર રાજયમાં ભારે વરસાદના લીધે માર્ગો પર તુટી જવાની સાથે ઘણાંખરા રસ્તાઓ બંધ હાલતમાં છે. ત્યારે વાહન વ્યવ્હાર પણ ઠપ્પ થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

Kisan®

ashirvad

BENELAVE™

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com